**18.12.2024** પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

" મીઠાં બાળકો - સર્વશક્તિવાન્ બાપ સાથે બુદ્ધિયોગ લગાવવાથી શક્તિ મળશે , યાદ થી જ આત્મા રુપી બેટરી ચાર્જ થાય છે , આત્મા પવિત્ર સતોપ્રધાન બની જાય છે"

પ્રશ્ન :- સંગમયુગ પર આપ બાળકો કયો પુરુષાર્થ કરો છો જેની પ્રારબ્ધ માં દેવતા પદ મળે છે?

ઉત્તર :- સંગમ પર આપણે શીતળ બનવાનો પુરુષાર્થ કરીએ છીએ. શીતળ અર્થાત્ પવિત્ર બનવાથી આપણે દેવતા બની જઈએ છીએ. જ્યાં સુધી શીતળ ન બને ત્યાં સુધી દેવતા પણ બની ન શકે. સંગમ પર શીતળ દેવીઓ બની બધા પર જ્ઞાન નાં ઠંડા છાંટા નાખી બધાંને શીતળ કરવાના છે. બધાની તપત બુઝાવવાની (ઠંડી કરવાની) છે. પોતે પણ શીતળ બનવાનું છે અને બધાને પણ બનાવવાનાં છે.

ઓમ્ શાંતિ ! બાળકો ને પહેલાં-પહેલાં એક જ વાત સમજવાની છે કે આપણે બધા ભાઈ-ભાઈ છીએ અને શિવબાબા બધાનાં બાપ છે. એમને સર્વશક્તિવાન્ કહેવાય છે. તમારા માં સર્વશક્તિઓ હતી. તમે આખા વિશ્વ પર રાજ્ય કરતા હતાં. ભારત માં આ દેવી-દેવતાઓનું રાજ્ય હતું, તમે જ પવિત્ર દેવી-દેવતા હતાં. તમારા કુળ અથવા ડિનાયસ્ટી (રાજધાની) માં બધા નિર્વિકારી હતાં. કોણ નિર્વિકારી હતાં? આત્માઓ. હમણાં ફરીથી તમે નિર્વિકારી બની રહ્યા છો. સર્વશક્તિવાન્ બાપ ની યાદ થી શક્તિ લઈ રહ્યા છો. બાપે સમજાવ્યું છે આત્મા જ ૮૪ નો પાર્ટ ભજવે છે. આત્મા માં જ સતોપ્રધાનતા ની તાકાત હતી, તે પછી દિવસે-દિવસે ઓછી થતી જાય છે. સતોપ્રધાન થી તમોપ્રધાન તો બનવાનું જ છે. જેમ બેટરી ની તાકાત ઓછી થતી જાય છે તો મોટર ઉભી રહી જાય છે. બેટરી ડિસ્ચાર્જ થઈ જાય છે. આત્માની બેટરી પૂરી ડિસ્ચાર્જ નથી થતી, કંઈક ને કંઈક તાકાત રહે છે. જેમ કોઈ મરે છે તો દિવો પ્રગટાવે છે, એમાં ઘી નાખતાં જ રહે છે કે ક્યાંક જ્યોત ઓલવાઈ ન જાય. હવે આપ બાળકો સમજો છો તમારા આત્મા માં બધી શક્તિ હતી, હમણાં નથી. હમણાં ફરી તમે સર્વશક્તિવાન્ બાપ સાથે પોતાનો બુદ્ધિયોગ લગાવો છો, સ્વયં માં શક્તિ ભરો છો કારણકે શક્તિ ઓછી થઈ ગઈ છે. શક્તિ એકદમ ખતમ થઈ જાય તો શરીર જ ન રહે. આત્મા બાપ ને યાદ કરતા-કરતા એકદમ પ્યોર (પવિત્ર) બની જાય છે. સતયુગ માં તમારી બેટરી ફુલ (આખી) ચાર્જ રહે છે. પછી ધીરે-ધીરે કળા અર્થાત્ બેટરી ઓછી થતી જાય છે. કળિયુગ અંત સુધી આત્મા ની તાકાત એકદમ થોડી રહી જાય છે. જાણે કે તાકાત નું દેવાળું નીકળી જાય છે. બાપ ને યાદ કરવાથી આત્મા ફરી થી ભરપૂર થઈ જાય છે. તો હમણાં બાપ સમજાવે છે એક ને જ યાદ કરવાના છે. ઊંચા માં ઊંચા છે ભગવંત. બાકી બધી છે રચના. રચના ને રચના પાસે થી હદ નો વારસો મળે છે. ક્રિયેટર (રચયિતા) તો એક જ બેહદનાં બાપ છે. બાકી બધા છે હદ નાં. બેહદનાં બાપને યાદ કરવાથી બેહદનો વારસો મળે છે. તો બાળકોએ દિલ માં સમજવું જોઈએ કે બાબા આપણા માટે સ્વર્ગ નવી દુનિયા સ્થાપન કરી રહ્યા છે. ડ્રામા પ્લાન અનુસાર સ્વર્ગ ની સ્થાપના થઈ રહી છે, જેમાં આપ બાળકો જ આવીને રાજ્ય કરો છો. હું તો સદા પવિત્ર છું. હું ક્યારેય ગર્ભ થી જન્મ નથી લેતો, નથી દેવી-દેવતાઓની જેમ જન્મ લેતો. ફક્ત આપ બાળકોને સ્વર્ગ ની બાદશાહી આપવા માટે જ્યારે આ (બાબા) ૬૦ વર્ષ ની વાનપ્રસ્થ અવસ્થા માં હોય છે ત્યારે એમનાં તન માં હું પ્રવેશ કરું છું. આ જ ફરી નંબરવન તમોપ્રધાન થી નંબરવન સતોપ્રધાન બને છે. ઊંચા માં ઊંચા છે ભગવાન. પછી છે બ્રહ્મા, વિષ્ણુ, શંકર - સૂક્ષ્મવતન વાસી. આ બ્રહ્મા, વિષ્ણુ, શંકર ક્યાંથી આવ્યાં? આ ફક્ત સાક્ષાત્કાર થાય છે. સૂક્ષ્મવતન વચ્ચે નું છે ને? જ્યાં સ્થૂળ શરીર નથી. સૂક્ષ્મ શરીર ફક્ત દિવ્ય દૃષ્ટિ થી દેખાય છે. બ્રહ્મા તો છે સફેદ વસ્ત્રધારી. એ વિષ્ણુ છે હીરા-ઝવેરાત થી શૃંગારેલા. પછી શંકર નાં ગળા માં નાગ વગેરે દેખાડે છે. એવા શંકર વગેરે કોઈ હોઈ ન શકે. દેખાડે છે અમરનાથ પર શંકરે પાર્વતી ને અમર કથા સંભળાવી. હવે પછી સૂક્ષ્મવતન માં તો મનુષ્ય સૃષ્ટિ નથી. તો કથા ત્યાં કેવી રીતે સંભળાવશે? બાકી સૂક્ષ્મવતન નો ફક્ત સાક્ષાત્કાર થાય છે. જે બિલકુલ પવિત્ર બની જાય છે એમનો સાક્ષાત્કાર થાય છે. આ જ પછી સતયુગ માં જઈને સ્વર્ગ નાં માલિક બને છે. તો બુદ્ધિ માં આવવું જોઈએ કે આમણે પછી આ રાજ્ય-ભાગ્ય કેવી રીતે મેળવ્યું? લડાઈ વગેરે તો કાંઈ હોતી નથી. દેવતાઓ હિંસા કેવી રીતે કરશે? હમણાં તમે બાપ ને યાદ કરી રાજાઈ લો છો, કોઈ માને કે ન માને. ગીતા માં પણ છે દેહ સહિત દેહનાં બધા ધર્મો ને ભૂલી મામેકમ્ યાદ કરો. બાપ ને તો દેહ જ નથી, જેમાં

મમત્વ હોય. બાપ કહે છે-થોડા સમય માટે આ શરીરની લોન (ઉધાર) લઉં છું. નહીં તો હું નોલેજ કેવી રીતે આપું? હું આ ઝાડ નું ચેતન્ય બીજરુપ છું. આ ઝાડ ની નોલેજ મારી જ પાસે છે. આ સૃષ્ટિ ની આયુ કેટલી છે? કેવી રીતે ઉત્પત્તિ, પાલના, વિનાશ થાય છે? મનુષ્ય ને કાંઈ ખબર નથી. તે ભણે છે હદનું ભણતર. બાપ તો બેહદ નું ભણતર ભણાવીને બાળકો ને વિશ્વ નાં માલિક બનાવે છે.

ભગવાન ક્યારેય દેહધારી મનુષ્ય ને નથી કહેવાતાં. આમને (બ્રહ્મા-વિષ્ણુ-શંકર ને) પણ પોતાનો સૂક્ષ્મ દેહ છે એટલે એમને પણ ભગવાન નહીં કહેવાશે. આ શરીર તો આ દાદા નાં આત્મા નું તખ્ત છે. અકાળ તખ્ત છે ને? હમણાં આ અકાળમૂર્ત બાપનું તખ્ત છે. અમૃતસર માં પણ અકાળતખ્ત છે. મોટા-મોટા જે હોય છે, ત્યાં અકાળતખ્ત પર જઈને બેસે છે. હવે બાપ સમજાવે છે આ સર્વ આત્માઓ નું અકાળતખ્ત છે. આત્મા માં જ સારા તથા ખરાબ સંસ્કાર હોય છે, ત્યારે તો કહે છે આ કર્મો નું ફળ છે. સર્વ આત્માઓ નાં બાપ એક જ છે. બાબા કોઈ શાસ્ત્ર વગેરે વાંચીને નથી સમજાવતાં. આ વાતો પણ શાસ્ત્રો વગેરે માં નથી, ત્યારે તો લોકો ચિડાય છે, કહે છે આ લોકો શાસ્ત્રો ને નથી માનતાં. સાધુ-સંત વગેરે ગંગા માં જઈને સ્નાન કરે છે તો શું પાવન બની ગયાં? પાછા તો કોઈ જઈ ન શકે. બધા અંત માં જશે. જેમ મકોડા નું ઝુંડ અથવા માખીઓ નું ઝુંડ જાય છે. માખીઓ માં પણ રાણી હોય છે, એની પાછળ બધી જાય છે, બાપ પણ જશે તો એમની પાછળ સર્વ આત્માઓ પણ જશે. મૂળવતન માં પણ જાણે સર્વ આત્માઓ નું ઝુંડ છે. અહીં પછી છે બધા મનુષ્યો નું ઝુંડ. તો આ ઝુંડ પણ એક દિવસ ભાગવાનું છે. બાપ આવીને બધા આત્માઓ ને લઈ જાય છે. શિવ ની બારાત (જાન) ગવાયેલી છે. બાળકો કહો અથવા બાળકીઓ કહો. બાપ આવીને બાળકો ને યાદની યાત્રા શીખવાડે છે. પવિત્ર બન્યા વગર આત્મા ઘરે પાછો જઈ ન શકે. જ્યારે પવિત્ર બની જશે તો પહેલાં શાંતિધામ માં જશે પછી ત્યાંથી ધીરે-ધીરે આવતા રહે છે, વૃદ્ધિ થતી રહે છે. રાજધાની બનવાની છે ને? બધા સાથે નથી આવતાં. ઝાડ ની ધીરે-ધીરે વૃદ્ધિ થાય છે ને? પહેલાં-પહેલાં આદિ સનાતન દેવી-દેવતા ધર્મ છે જે બાપ સ્થાપન કરે છે. બ્રાહ્મણ પણ પહેલાં-પહેલાં એ જ બને છે જેમને દેવતા બનવાનું છે. પ્રજાપિતા બ્રહ્મા તો છે ને? પ્રજા માં પણ ભાઈ-બહેન થઈ જાય છે. બ્રહ્માકુમાર-બ્રહ્માકુમારીઓ તો અહીં અનેક બને છે. જરુર નિશ્ચયબુદ્ધિ હશે ત્યારે તો આટલા વધારે માર્ક્સ લે છે. તમારા માં જે પાક્કા છે તે ત્યાં પહેલાં આવે છે, કાચ્ચા વાળા અંત માં જ આવશે. મૂળવતન માં બધા આત્માઓ રહે છે પછી નીચે આવે છે તો વૃદ્ધિ થતી જાય છે. શરીર વગર આત્મા કેવી રીતે પાર્ટ ભજવશે? આ પાર્ટધારીઓની દુનિયા છે જે ચારેય યુગો માં ફરતી રહે છે. સતયુગ માં આપણે જ દેવતા હતાં પછી ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર બનીએ છીએ. હમણાં આ છે પુરુષોત્તમ સંગમયુગ. આ યુગ હમણાં જ બને છે જ્યારે બાપ આવે છે. આ હમણાં બેહદ ની નોલેજ બેહદ નાં બાપ જ આપે છે. શિવબાબા ને પોતાનાં શરીર નું કોઈ નામ નથી. આ શરીર તો આ દાદાનું છે. બાબાએ થોડા સમય માટે આ લોન લીધું છે. બાપ કહે છે મને તમારી સાથે વાત કરવા માટે મુખ તો જોઈએ ને? મુખ ન હોય તો બાપ બાળકો સાથે વાત પણ ન કરી શકે. પછી બેહદની નોલેજ પણ આ મુખ દ્વારા સંભળાવું છું, એટલે આને ગૌમુખ પણ કહેવાય છે. પહાડો થી પાણી તો ક્યાંય પણ નિકળી શકે છે. પછી અહીં ગૌમુખ બનાવી દીધું છે, એમાંથી પાણી આવે છે. એને પછી ગંગાજળ સમજીને પીવે છે. તે પાણી નું પછી કેટલું મહત્વ રાખે છે? આ દુનિયામાં છે બધું ખોટું. સાચ્ચું તો એક બાપ જ સંભળાવે છે. પછી તે જુઠ્ઠા મનુષ્ય આ બાપ ની નોલેજ ને જુઠ્ઠી સમજી લે છે. ભારત માં જયારે સતયુગ હતો તો એને સચખંડ કહેવાતો હતો. પછી ભારત જ જૂનું બને છે તો દરેક વાત, દરેક ચીજ જુઠ્ઠી થાય છે. કેટલો ફરક થઈ જાય છે? બાપ કહે છે તમે મારી કેટલી ગ્લાનિ કરો છો? સર્વવ્યાપી કહી કેટલું ઇનસલ્ટ (અપમાન) કર્યું છે. શિવબાબા ને બોલાવે જ છે કે આ જૂની દુનિયા માંથી લઈ ચલો. બાપ કહે છે મારા બધા બાળકો કામ ચિતા પર ચઢીને કંગાળ બની ગયા છે. બાપ બાળકોને કહે છે તમે તો સ્વર્ગ નાં માલિક હતાં ને? સ્મૃતિ આવે છે? બાળકોને જ સમજાવે છે, આખી દુનિયાને તો નહીં સમજાવશે. બાળકો જ બાપ ને સમજે છે. દુનિયા આ વાત ને શું જાણે?

સૌથી મોટો કાંટો છે કામ નો. નામ જ છે પતિત દુનિયા. સતયુગ છે ૧૦૦ ટકા પવિત્ર દુનિયા. મનુષ્ય જ, પવિત્ર દેવતાઓની આગળ જઈને નમન કરે છે. ભલે ઘણાં ભક્ત છે જે વેજિટેરિયન (શાકાહારી) છે, પરંતુ એવું નથી કે વિકાર માં નથી જતાં. એમ તો ઘણાં બાળ-બ્રહ્મચારી પણ રહે છે. નાનપણ થી ક્યારેય છી-છી ખાવાનું વગેરે નથી ખાતાં. સંન્યાસી પણ કહે છે નિર્વિકારી બનો. ઘરબાર નો સંન્યાસ કરે છે પછી બીજા જન્મ માં પણ કોઈ ગૃહસ્થી પાસે જન્મ લઈ ફરી ઘરબાર છોડી જંગલ માં ચાલ્યા જાય છે. પરંતુ શું પતિત થી પાવન બની શકે છે? ના. પતિત-પાવન બાપ ની શ્રીમત વગર કોઈ પતિત થી પાવન બની ન શકે. ભક્તિ છે ઉતરતી કળાનો માર્ગ.

તો પછી પાવન કેવી રીતે બનશે? પાવન બને તો ઘરે જાય, સ્વર્ગ માં આવી જાય. સતયુગી દેવી-દેવતાઓ ક્યારેય ઘરબાર છોડે છે શું? તેમનો છે હદનો સંન્યાસ, તમારો છે બેહદ નો સંન્યાસ. આખી દુનિયા, મિત્ર-સંબંધી વગેરે બધાનો સંન્યાસ. તમારા માટે હમણાં સ્વર્ગ ની સ્થાપના થઈ રહી છે. તમારી બુદ્ધિ સ્વર્ગ તરફ છે. મનુષ્ય તો નર્ક માં જ લટકી પડ્યા છે. આપ બાળકો પછી બાપ ની યાદ માં લટકી પડ્યા છો.

તમને શીતળ દેવીઓ બનાવવા માટે જ્ઞાન ચિતા પર બેસાડાય છે. શીતળ શબ્દ નું વિરોધી છે તપત. તમારું નામ જ છે શીતળાદેવી. એક તો નહીં હશે ને? જરુર ખૂબ હશે, જેમણે ભારત ને શીતળ બનાવ્યું છે. આ સમયે બધા કામ-ચિતા પર બળી રહ્યા છે. તમારું નામ અહીં શીતળા દેવીઓ છે. તમે શીતળ કરવા વાળી, ઠંડા છાંટા નાખવા વાળી દેવીઓ છો. છાંટા નાખવા જાય છે ને? આ છે જ્ઞાન નાં છાંટા, જે આત્મા નાં ઉપર નખાય છે. આત્મા પવિત્ર બનવાથી શીતળ બની જાય છે. આ સમયે આખી દુનિયા કામ ચિતા પર ચઢી કાળી થઈ ગઈ છે. હવે કળશ મળે છે આપ બાળકો ને. કળશ થી તમે સ્વયં પણ શીતળ બનો છો અને બીજા ને પણ બનાવો છો. આ પણ શીતળ બન્યાં છે ને? બંને સાથે છે. ઘરબાર છોડવાની તો વાત જ નથી, પરંતુ ગૌશાળા બની હશે તો જરુર કોઈએ ઘરબાર છોડ્યું હશે. શા માટે? જ્ઞાનચિતા પર બેસી શીતળ બનવા માટે. જ્યારે તમે અહીં શીતળ બનશો ત્યારે જ તમે દેવતા બની શકો છો. હવે આપ બાળકો નો બુદ્ધિયોગ જૂનાં ઘર ની તરફ ન જવો જોઈએ. બાપની સાથે બુદ્ધિ લટકી રહે કારણ કે તમારે બધાએ બાપની પાસે ઘરે જવાનું છે. બાપ કહે છે-મીઠાં બાળકો, હું પંડો બનીને આવ્યો છું, તમને લઈ જવાં. આ શિવશક્તિ પાંડવ સેના છે. તમે છો શિવ પાસે થી શક્તિ લેવા વાળી, એ છે સર્વશક્તિવાન્. મનુષ્ય તો સમજે છે- પરમાત્મા મરેલા ને જીવતા કરી શકે છે. પરંતુ બાપ કહે છે-લાડલા બાળકો, આ ડ્રામા માં દરેક ને અનાદિ પાર્ટ મળેલો છે. હું પણ ક્રિયેટર, ડાયરેક્ટર, પ્રિન્સિપલ એક્ટર છું. ડ્રામા નાં પાર્ટ ને હું કાંઈ પણ પરિવર્તન નથી કરી શકતો. મનુષ્ય સમજે છે પાંદડું-પાંદડું પણ પરમાત્મા નાં હુકમ થી હલે છે પરંતુ પરમાત્મા તો સ્વયં કહે છે હું પણ ડ્રામા ને અધીન છું, એનાં બંધન માં બંધાયેલો છું. એવું નથી કે મારા હુકમ થી પાંદડા હલશે. સર્વવ્યાપી નાં જ્ઞાને ભારતવાસીઓને બિલકુલ કંગાળ બનાવી દીધાં છે. બાપ નાં જ્ઞાન થી ભારત ફરી સિરતાજ બને છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સૂર્યવંશી માં પહેલાં-પહેલાં આવવા માટે નિશ્ચયબુદ્ધિ બની પૂરાં માર્ક્સ લેવાના છે. પાક્કા બ્રાહ્મણ બનવાનું છે. બેહદ ની નોલેજ સ્મૃતિ માં રાખવાની છે.
2. જ્ઞાન ચિતા પર બેસી શીતળ અર્થાત્ પવિત્ર બનવાનું છે. જ્ઞાન અને યોગ દ્વારા કામ ની તપત સમાપ્ત કરવાની છે. બુદ્ધિયોગ સદા એક બાપ ની તરફ લટકેલો રહે.

વરદાન :- બ્રાહ્મણ - જીવન માં શ્રેષ્ઠ સ્થિતિ રુપી મેડલ પ્રાપ્ત કરવા વાળા બેગમપુર નાં બાદશાહ ભવ

તમે બધા પોતાની સ્વસ્થિતિ સારા માં સારી બનાવવા માટે જ બ્રાહ્મણ બન્યા છો. બ્રાહ્મણ-જીવન માં શ્રેષ્ઠ સ્થિતિ જ તમારી પ્રોપર્ટી છે. આ જ બ્રાહ્મણ જીવન નું મેડલ છે. જે આ મેડલ પ્રાપ્ત કરી લે છે તે સદા અચલ, અડોલ, એકરસ સ્થિતિ માં રહેતા, સદા નિશ્ચિંત બેગમપુર નાં બાદશાહ બની જાય છે. તે સર્વ ઈચ્છાઓથી મુક્ત, ઈચ્છા માત્રમ્ અવિદ્યા સ્વરુપ હોય છે.

સ્લોગન :- અતૂટ નિશ્ચય અને ફલક થી કહો "મારા બાબા" તો માયા સમીપ પણ ન આવી શકે.